RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 12 Date: 01.11.2023,Wednesday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

# દેશની એકતાના માર્ગમાં આપણી વિકાસ યાત્રામાં સૌથી મોટો અવરોધ તુષ્ટિકરણની રાજનીતિ છે : વડાપ્રધાન નરેન્દ્ર મોદી



નર્મદા,તા.૩૧

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી મંગળવારે ગુજરાતના કેવડિયામાં સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે પહોંચી સરદાર વલ્લભભાઈ પટેલને શ્રદ્ધાંજલિ અર્પણ કરી રાષ્ટ્રીય એકતા દિવસમાં ભાગ લીધો હતો. આ પરેડમાં સીમ સુરક્ષા બળના જવનો અને રાજ્ય પોલીસની વિવિધ ટુકડીઓ પણ જોડાઈ હતી. પ્રધાનમંત્રી આ કાર્યક્રમમાં સંબોધિત કરતા જણાવ્યું હતું કે, તુષ્ટીકરણની રાજનીતિ દેશના વિકાસને બાંધા બને છે. તુષ્ટિકરણ કરવાવાળા લોકો માનવતાના દુષ્મનો સાથે ઉભા રહેવામાં જરા પણ સંકોચ રાખતા નથી. તુષ્ટીકરણનો વિચાર એટલો ખતરનાખ છે કે તે આતંકિયોને બચાવવા માટે આંદોલન સુધી પહોંચી જાય છે. પી એમ મોદીએ કહ્યું કે, જ્યારે દુનિયામાં સંકટમાં છે ત્યારે આપણી સીમા સુરક્ષિત છે

અત્રે ઉલ્લેખનીય છે કે, સ્ટેચ્યુ ઓફ યુનિટી બન્યાને પાંચ વર્ષ પૂર્ણ થઈ ગયા છે. પ્રધાનમંત્રી મોદીએ સરદાર પટેલને સમર્પિત સ્ટેચ્યુ ઓફ યુનિટીનો ઉદ્ઘાટન ૩૧ ઓક્ટોબર ૨૦૧૮ના રોજ કર્યો હતો. આ દુનિયાની સૌથી ઉંચી પ્રતિમા છે. જેની ઉંચાઈ ૧૮૨ મીટર છે. વડાપ્રધાન મોદીએ આ દરમિયાન ૧૬૦ કરોડના વિવિધ વિકાસ કાર્યોની ભેટ આપી હતી. ૧૮૭૫માં ગુજરાત જન્મેલા સરદાર વલ્લભભાઈ પટેલ એક વ્યવસાય વકીલ છે.

પીએમ મોદીએ જણાવ્યું કે, દેશની એકતાના માર્ગમાં આપણી વિકાસ યાત્રામાં સૌથી મોટો અવરોધ તુષ્ટિકરણની રાજનીતિ છે, ભારતના છેલ્લા કેટલાક દાયકાઓ એ હકીકતના સાક્ષી છે કે તુષ્ટિકરણ કરનારાઓ ક્યારેય આતંકવાદ, તેની ભયાનકતા અને ભયંકરતાને જરા પણ જાતા નથી. તુષ્ટિકરણ કરનારા લોકો માનવતાના દુશ્મનો સાથે ઉભા રહેતા જરા પણ અચકાતા નથી. વધુમાં કહ્યું કે, તેઓ રાષ્ટ્રવિરોધી તત્વો સામે કડક કાર્યવાહી કરવાનું ટાળે છે. તુષ્ટિકરણનો આ વિચાર એટલો ખતરનાક છે કે તે આતંકવાદીઓને બચાવવા કોર્ટ સુધી પહોંચી જાય છે. આવી વિચારસરણી કોઈ પણ સમાજ કે દેશનું ભલું કરી શકતી નથી.

નરેન્દ્ર મોદીએ સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે સરદાર સાહેબની ચરણ વંદના કરી પુષ્પાંજલિ અર્પણ કરી હતી. સરદાર સાહેબને નમન કરી પીએમ મોદીએ લોકોને એકતાના શપથ પણ લેવડાવ્યા હતા. જ્યારે પીએમ મોદીએ પરેડ નિહાળી હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, તમામ યુવાનોનો ઉત્સાહ રાષ્ટ્રીય એકતા દિવસની મોટી તાકાત છે. એક રીતે મારી સામને લઘુ ભારતનું સ્વરૂપ દેખાઈ રહ્યું છે. રાજ્ય અલગ છે, ભાષા અલગ છે, પરંપરા અલગ છે, પરંતુ અહીં હાજર દરેક વ્યક્તિ એકતાના મજબૂત દોરથી જોડાયેલ છે.

આ પ્રસંગે પીએમ મોદીએ જણાવ્યું કે, મન ઘણા છે, પણ માળા એક છે; શરીર ઘણા છે, પણ મન એક છે. જે રીતે ૧૫મી ઓગસ્ટ આપણી આઝાદીની ઉજવણીનો દિવસ છે, ૨૬મી જાન્યુઆરી આપણા પ્રજાસત્તાકની ઉજવણીનો દિવસ છે, તેવી જ રીતે ૩૧મી ઓક્ટોબર દેશના ખૂણે ખૂણે રાષ્ટ્રવાદના સંચારનો પર્વ બની ગયો છે.

૧૫મી ઓગસ્ટે દિલ્હીના લાલ કિલ્લા ખાતે યોજાનાર કાર્યક્રમ, ૨૬મી જાન્યુઆરીએ દિલ્હીના દૂતવા પથ પર પરેડ અને ૩૧મીએ સ્ટેચ્યુ ઓફ યુનિટીની હાજરીમાં મા નર્મદા કિનારે રાષ્ટ્રીય એકતા દિવસનો મુખ્ય કાર્યક્રમ રાષ્ટ્રીય ઉત્થાનની ત્રિમૂર્તિ બની છે.ગુજરાતના એકતા નગરમાં સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે કાર્યક્રમને સંબોધતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, આવનારા ૨૫ વર્ષ ભારત માટે આ સદીના સૌથી મહત્વપૂર્ણ ૨૫ વર્ષ છે. આ ૨૫માં આપણે સમૃદ્ધ બનવાનું છે. વિકસિત બનવાનું છે.અમૃતકાળમાં ભારતે ગુલામીની માનસિકતા છોડીને આગળ વધવાનો સંકલ્પ કર્યો છે. આપણે આપણી વિરાસતને સાચવવાની સાથે સાથે વિકાસ પણ કરી રહ્યા છીએ. ભારતે તેના નૌકા ધ્વજ પરથી ગુલામીનું પ્રતીક હટાવી દીધું છે. ગુલામી યુગમાં બનેલા બિનજરૂરી કાયદાઓને પણ હટાવવામાં આવી રહ્યા છે. જ્યાં એક સમયે ઈન્ડિયા ગેટ પર વિદેશી સત્તાના પ્રતિનિધિની પ્રતિમા હતી ત્યાં હવે નેતાજી સુભાષની પ્રતિમા આપણને પ્રેરણા આપી રહી છે.

વિશ્વ ભારતની પ્રશંસા કરી રહ્યું છે. વિશ્વની સૌથી મોટી લોકશાહીને નવી ઊંચાઈઓ પર લઈ જવા માટે અમને ગર્વ છે. અમને ગર્વ છે કે વિશ્વ જ્યારે યુદ્ધ અને અન્ય સંકટનો સામનો કરી રહ્યું છે ત્યારે પણ અમારી સરહદો સુરક્ષિત છે. અમને ગર્વ છે કે અમે ટૂંક સમયમાં વિશ્વની ત્રીજી સૌથી મોટી આર્થિક શક્તિ બનીશું. તુષ્ટિકરણની રાજનીતિનો ઉલ્લેખ કરતા પીએમ મોદીએ કહ્યું કે દેશની એકતાના માર્ગમાં આપણી વિકાસ યાત્રામાં સૌથી મોટો અવરોધ તુષ્ટિકરણની રાજનીતિ છે. ભારતના છેલ્લા કેટલાક દાયકાઓ એ હકીકતના સાક્ષી છે કે તુષ્ટિકરણ કરનારાઓ ક્યારેય આતંકવાદ, તેની ભયાનકતા અને ભયંકરતાને જોતા નથી. તુષ્ટિકરણ કરનારા લોકો માનવતાના દુશ્મનો સાથે ઉભા રહેતા અચકાતા નથી. તેઓ આતંકવાદી પ્રવૃત્તિઓની તપાસમાં અવગણના કરે છે અને રાષ્ટ્રવિરોધી તત્વો સામે કડક કાર્યવાહી કરવાનું ટાળે છે.

## AMTSનો વિવાદાસ્પદ નિર્ણય : એક લાખ રૂપિયા આપો, બસ સ્ટેન્ડ હટાવો

અમદાવાદ

ભ્રષ્ટાચારનાં કારણે જ ખોટનાં ખાડામાં ધસી ગયેલી છરૂજીમાં શાસક ભાજપ દ્વારા મુસાફરોની સગવડને બાજુએ મૂકી મોટા કોમ્પ્લેક્સ-શો રૂમ આગળ નડતરરૂપ હોય તેવા બસ સ્ટેન્ડ હવે ફક્ત એક લાખ રૂપિયા ખર્ચીને હટાવી શકાશે તેવો વધુ એક વિવાદાસ્પદ નિર્ણય લેવામાં આવ્યો છે.સૂત્રોએ કહ્યું કે, ખરેખર તો મ્યુનિ. અથવા રાજ્ય સરકારનાં કોઇ પ્રોજેક્ટમાં નડતા હોય તેવા બસ સ્ટેન્ડ જ હટાવી શકાય અને તે પણ તેની આસપાસની જગ્યામાં નવું બસ સ્ટેન્ડ લગાવવુ જોઇએ, પરંતુ હવે તો રાજકીય વગ લાવો અથવા ભ્રષ્ટાચાર આચરવામાં આવે તો બસ સ્ટેન્ડ ખસેડવાની સિસ્ટમ શરૂ થઇ ગઇ છે.



છેલ્લા પાંચેક વર્ષથી છરૂજીનાં મોટા અને બેઠક વ્યવસ્થા ધરાવતાં બસ સ્ટેન્ડ હટાવી તેની જગ્યાએ ફક્ત થાંભલા પ્રકારનાં અથવા ઓછી બેઠક વ્યવસ્થા ધરાવતાં બસ સ્ટેન્ડ ગોઠવી દેવાનો કારસો પણ પૂરજોશમાં ચાલી રહ્યો છે. છરૂજીનાં વર્તમાન ચેરમેન વલ્લભભાઇ પટેલ મ્યુનિ.નાં પ્રભારીનાં ખાસમખાસ ગણાતાં હોઇ તેઓ મનમાની કરી રહ્યાં હોવાનો આક્ષેપ કરતાં છરૂજીનાં સૂત્રોએ કહ્યું કે, રાજકીય સૂચનાથી જ છરૂજીનાં અધિકારીઓએ જે કોઇ નાગરિક, કોમ્પ્લેક્સ, શો-રૂમ વગેરેને બસ સ્ટેન્ડ નડતરરૂપ લાગતું હોય તેમણે છરૂજીમાં અરજી કરીને બે લાખ રૂપિયા જમા કરાવવા પડશે. ત્યારબાદ છરૂજી દ્વારા સ્થળ તપાસ કરીને યોગ્ય લાગશે તો બસ સ્ટેન્ડ હટાવી આપવામાં આવશે તેવી દરખાસ્ત રજૂ કરી હતી. ખરેખર તો આ વિવાદાસ્પદ દરખાસ્ત ફગાવી દેવાની જરૂર હતી, પરંતુ શાસક ભાજપે તંત્રની બે લાખની દરખાસ્તમાં સુધારો કરીને એક લાખ રૂપિયા જમા કરાવે તેની અરજી ઉપર તપાસ કરી બસ સ્ટેન્ડ ખસેડી શકાશે તેવી દરખાસ્ત મંજૂર કરી નાખતાં ભારે વિવાદ છેડાયો છે. એટલું જ નહિ, બસ સ્ટેન્ડ હટાવી લીધા બાદ નાગરિકોની સગવડનું શું તે બાબતે છરૂજીનાં ચેરમેન કે અધિકારીઓએ કોઇ સ્પષ્ટતા કરી નથી.

## શિયાળો-દિવાળીના તહેવારોની શરૂઆત સાથે અમદાવાદની હવામાં પ્રદૂષણ વધ્યું

ગાંધીનગર

દિવાળીના તહેવારો પૂર્વે અને શિયાળાની શરૂઆત સાથે અમદાવાદ શહેરમાં પ્રદૂષણમાં ભારે વધારો થયો છે. સોમવારે સાંજે શહેરનો એર ક્વોલિટી ઈન્ડેક્સ સરેરાશ પુઅર ૧૪૮નો દર્શાવતો હતો. સાંજે હવામાં ઘટ્ટ પ્રદૂષણનું આવરણ હોય તેવું નાગરિકો પ્રતીત કરી રહ્યા છે. અનેક વિસ્તારોમાં પણ પ્રદૂષણ નબળી કક્ષામાં પહોંચ્યું છે. એટલું જ નહીં પ્રદૂષણ વધતા અનેક નાગરિકોને ઉધરસની સમસ્યા પણ શરૂ થઇ છે. એકતરફ શિયાળાની શરૂઆત અને દિવાળી તહેવારોના કારણે ખરીદી માટે મોટી સંખ્યામાં લોકો ઉમટતા માર્ગો ઉપર ટ્રાફિક અને ભીડ વધી રહી છે. તે સાથે પ્રદૂષણમાં પણ ભારે વધારો નોંધાઇ રહ્યો છે. લાંબો



સમયગાળો ધરાવતા ટ્રાફિક સિગ્નલ ઉપર જો દ્વિચક્રી વાહન સાથે વારંવાર ઉભા રહેતા નાગરિકોને આંખો બળવાની કે ઉધરસની સમસ્યા સર્જાવા લાગી છે. પ્રદૂષણમાં થતા વધારાના કારણે બાળકો-વૃદ્ધો પર પણ ઝડપથી વિપરીત અસર થઇ શકે છે. તેના કારણે તબીબો દ્વારા ખાસ કરીને સાંજના સમયે માસ્ક પહેરવા માટે સલાહ અપાઇ રહી છે. તે સાથે જેમને દમ-અસ્થમા જેવી શ્વાસને લગતી બીમારી હોય તેમને બને તેટલા ચોખ્ખી હવાવાળા વાતાવરણમાં રહેવા માટે પણ કહેવામાં આવી રહ્યું છે.

શહેરના અનેક વિસ્તારોમાં હવાના પ્રદૂષણનું સ્તર હાલ પુઅર એટલે કે ખરાબ ગુણવત્તામાં પહોચ્યું છે. અમદાવાદના વિવિધ વિસ્તારમાં સોમવારે એક્યુઆઇ ઘૂમા, રખિયાલ, રામદેવનગર, એસએસી-ઇસરો-બોપલ, શાહીબાગ, સરદાર પટેલ સ્ટેડિયમ, સોનીની ચાલી, બોપલ, ઉસ્માનપુરા, સીપીનગર-૧, ચાંદખેડા સહિત અનેક વિસ્તારોમાં પુઅર કેટેગરી દર્શાવતો હતો. તેના કારણે અમદાવાદની હવા આગામી દિવસોમાં દિલ્હી, મુંબઇ જેવા શહેરોની જેમ વધુ જોખમી બનતી જાય તેવી શક્યતા છે. તહેવારો સાથે ઉદ્યોગો દ્વારા અનિયંત્રિત રીતે છોડાતા ગેસના કારણે પણ પ્રદૂષણમાં વધારો થઇ રહ્યો છે. આ સંજોગોમાં આરોગ્ય વિભાગે નાગરિકો માટે હવાના પ્રદૂષણ સામે કેવી તકેદારી રાખવી અને શું પગલા લેવા તેની એડવાઇઝરી જાહેર કરવી જોઇએ.

## સોનિયા, રાહુલ, ખડગે સહિત કોંગ્રેસના ઘણા વરિષ્ઠ નેતાઓએ ઈન્દિરા ગાંધીને તેમની પુણ્યતિથિ પર શ્રદ્ધાંજલિ આપી હતી

નવીદિલ્હી,તા.૩૧

કોંગ્રેસના ઘણા વરિષ્ઠ નેતાઓએ મંગળવારે પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીને તેમની પુણ્યતિથિ પર શ્રદ્ધાંજલિ આપી અને દેશના નિર્માણમાં તેમના યોગદાનને યાદ કર્યા. કોંગ્રેસ સંસદીય દળના વડા સોનિયા ગાંધી, પાર્ટી અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી અને પાર્ટીના અન્ય ઘણા નેતાઓ 'શક્તિ સ્થળ' પહોંચ્યા અને ઈન્દિરા ગાંધીની સમાધિ પર ફૂલ અર્પણ કર્યા.

આ સાથે રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતે પણ ભારતના પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીને તેમની પુણ્યતિથિ પર શ્રદ્ધાંજલિ આપી હતી.ઈન્ડિયન યુથ કોંગ્રેસના પ્રમુખ શ્રીનિવાસ બીવી અને અન્ય યુવા કાર્યકરોએ પણ શક્તિ સ્થળ રાજઘાટ પર ઈન્દિરા ગાંધીને શ્રદ્ધાંજલિ આપી હતી. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ તેમની પોસ્ટમાં તેમના દિવસે તેમને નમ્ર શ્રદ્ધાંજલિ પાઠવી છે.

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ ઈન્સ્ટાગ્રામ પર પોતાની પોસ્ટમાં કહ્યું, "મારી શક્તિ, મારી દાદી! હું હંમેશા તે ભારતની રક્ષા કરીશ જેના માટે તમે સર્વસ્વ બલિદાન આપ્યું છે. તમારી યાદો હંમેશા મારા હૃદયમાં મારી સાથે છે." ઈન્દિરા ગાંધીનો જન્મ ૧૯ નવેમ્બર, ૧૯૧૭ના રોજ પ્રયાગરાજમાં થયો હતો. તેઓ જાન્યુઆરી ૧૯૬૬ થી માર્ચ ૧૯૭૭ સુધી વડા પ્રધાન હતા.

## સરદાર વલ્લભભાઈ પટેલના સ્મારક પર વિવિધ નેતાઓએ શ્રધ્ધાંજલિ અર્પિત કરી

નવીદિલ્હી,તા.૩૧

ભારતના પ્રથમ ગૃહમંત્રી સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ પર આજે દેશભરમાં નેશનલ યુનિટી રન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શ્રેણીમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પણ રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં એકતા દિવસ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આજે સવારે સૌ પ્રથમ અમિત શાહ સરદાર વલ્લભભાઈ પટેલના સ્મારક પર પહોંચ્યા હતા




અને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ દરમિયાન ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, કેન્દ્રીય રમતગમત મંત્રી અનુરાગ ઠાકુર પણ હાજર હતા.

તેમણે સરકાર પટેલની જન્મજયંતિ પર લોકોને શુભેચ્છા પાઠવીને સંબોધનની શરૂઆત કરી હતી. તેમણે કહ્યું હતું કે, 'આજે આપણા દેશના પ્રથમ ગૃહમંત્રી સરદાર પટેલનો ૧૪૮મો જન્મદિવસ છે.આપણે બધા જાણીએ છીએ કે જ્યારે અંગ્રેજો અહીંથી ચાલ્યા ગયા ત્યારે તેમણે દેશને ટુકડા કરીને છોડી દીધો હતો. પરંતુ આઝાદીના થોડા દિવસો પછી, સરદાર પટેલે ૫૫૦ થી વધુ રજવાડાઓને એકતાના તાંતણે બાંધી દીધા.

## ઉત્તર પ્રદેશમાં ગમખ્વાર અકસ્માત, એક જ પરિવારના પાંચ લોકોના મોત

લખનૌ,તા.૩૧

ઉત્તર પ્રદેશના હરદોઈમાં મોટો અકસ્માત સર્જાયો હતો. અહીં સવાયજપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં સોમવારે મોડી રાત્રે બેકાબુ બોલેરો જીપ ઝાડ સાથે અથડાઈ હતી. જેના કારણ કારમાં સવાર એક જ પરિવારના પાંચ લોકોના મોત નીપજ્યા હતા. મૃતકોમાં ચાર વર્ષના બાળકનો પણ સમાવેશ થયો છે.પોલીસના જણાવ્યા અનુસાર ટક્કર એટલી ગંભીર હતી કે મૃતકોના મૃતદેહને બહાર કાઢવા માટે વાહનને કાપવું પડ્યું હતું.

આ અકસ્માત બિલ્હૌર-કટરા હાઈવે પર સવાઈજપુર કોતવાલી વિસ્તારના ખમરિયા ગામ પાસે થયો હતો. ખમરીયા ગામ પાસે બોલેરો કાબુ ગુમાવી દેતા ઝાડ સાથે અથડાઈ હતી અને ટક્કર એટલી ગંભીર હતી કે વાહનના ટુકડા થઈ ગયા હતા.આ મામલે પોલીસનું કહેવું છે કે અકસ્માત બાદ કારમાં સવાર તમામ લોકોને હોસ્પિટલ લાવવામાં આવ્યા હતા. જ્યાં તબીબોએ તેને મૃત હોવાનું જણાવ્યું હતું.સવાયજપુર પોલીસ સ્ટેશનના પ્રભારી નિરીક્ષક દિલેશ કુમાર સિંહે જણાવ્યું કે દુર્ઘટનામાં એક બાળક સહિત પાંચ લોકોના મોત થયા છે.

## તંત્રી લેખ......

# પોતાનામાં પરિવર્તનથી... જાતને ઓળખીએ!

...બૈઠે-બૈઠે હી સૂખ ગયા... ભારતે અને દુનિયાએ બે વર્ષ પહેલા ખૂબ કપરો સમય જોયો-અનુભવ્યો. ભારતે આ કપરા કાળમાં અસંભવિત દેખાતું કાર્ય કરી દેખાડ્યું અને વિશ્વને પણ મદદ કરી. વર્તમાન સમયે ભારત ખૂબ આગળ વધી ગયું છે. ડર કે હદની બહાર નીકળવા માટે એક જ ઉપાય છે કે ડાળી છોડો અને પાણીમાં ઉતરો. રી-ઈન્વેન્શન માટે આ ભીતરથી થાય એ જરૂરી છે. જાતને રી-ઈવેન્ટ કરવી સરળ નથી, શક્ય જરૂર છે. જો કે રોબોટીક સાયન્સની જેમ આની કોઈ ફિક્સ ફોર્મ્યુલા નથી. રી-ઈન્વેન્શનની શરૂઆત પોતાનામાં પરિવર્તનથી કરી શકાય છે. બાહ્ય પરિવર્તન તો ઠીક છે, આંતરિક કરશો તો બાહ્ય પણ જાહેર થઈ જશે. બધી જ દિશાઓ ખુલ્લી રાખવી પડે, જરૂરિયાત પણ જુઓ અને જે સમયની માગ છે તેને જ રિસિવ કરો.

ચિંતન, વાંચન અને અનુભવનો નિચોડ એવો છે કે દરેક બાબતમાં લોજીક શોધી શકાતું નથી. નહિતર તો બધા ફિક્સ ફોર્મ્યુલા રાખીને જીવી લેત! જિંદગીની સુંદરતા જ એ છે કે તે વણકહી છે, અજાણ છે. આવનારી પળે શું થશે તે કોને ખબર છે? દરેકના જીવનમાં જિંદગી કંઈક ને કંઈક નવા રસ્તા ખોલી રહી હોય છે. જરૂરત હોય છે એને ઓળખવાની. ઘણું બધું જાણવાની તમન્ના હોય છે પણ તેમ થઈ શકતું નથી!નથિંગ ઈઝ મોર એક્સ્પેન્સિવ ધેન સ્ટાર્ટ. શરૂઆત જ મોંઘેરી છે. એ મોંઘેરી ક્ષણને વધાવી લો. ડો.વોલ્ટર નોબેલે જબરજસ્ત કહ્યું છે, 'વિઘ્નો ભલે આવે, વિઘ્નો કે આક્રમણો મને ભાંગી શકશે નહીં.' દરેક વિઘ્ન, મને નવો પોલાદી સંકલ્પ કરવાનો મોકો આપે છે. જીવન એ અજવાળા અને અંધારાની રમત છે. ક્યારેક સવાર રાતની જેમ પસાર થાય છે અને ક્યારેક રાત્રે પ્રગટાવેલો દીવો ઓરડાને સવારનું અજવાળું પાથરી જાય છે.

# શંકા




અર્જુન અને અનન્યા કોર્પોરેટ ફિલ્ડમાં જોડે નોકરી કરતા. બંને કમ્પ્યૂટર એન્જિનિયર. એમને એક નાનકડી મીઠડી દીકરી અન્વીશા. એ એમના જીવનનું કેન્દ્રબિંદુ. બંને જણાં એના અભ્યાસ માટે, એની પ્રગતિ માટે સતર્ક હતાં.

આ યુગલ સમગ્ર જગ્યાએ ઓફિસમાં ફ્લેટમાં, મિત્રોમાં આદરનું સ્થાન ધરાવતું. એમની વાણી, વર્તન,વ્યવહાર અને પોશાક અને સૌ સાથેની વર્તણૂક સન્માનીય અને સભ્ય હતી.

બંને વચ્ચે વિચારોની સમાનતા અને મનમેળ એમને એક આદર્શ દંપત્તિ તરીકે સમાજમાં સ્થાપિત કરતા. બંને પોતપોતાના ક્ષેત્રમાં આગળ હોવા છતાં ઘરમાં હળીમળીને રહેતાં. અનન્યા સમજદારીપૂર્વક દરેક પરિસ્થિતિમાંથી માર્ગ કાઢતી. ઘરની વાત બહાર ન જાય એની કાળજી રાખી ખૂબ એડજસ્ટમેન્ટ સાથે જીવતી.

આજે ઓફિસથી આવેલા અર્જુનનું વર્તન અનન્યાને વિચિત્ર લાગ્યું. છેલ્લા અઠવાડિયાથી અનન્યા મનોમન નોંધતી કે, અર્જુન એની સાથે શંકાશીલ વર્તન કરતો. એના મોબાઈલને ચેક કરતો.એ કોઈની જોડે વાતચીત કરતી હોય તો પણ કાન માંડીને સાંભળતો અને એ રાત્રે તો અર્જુને હદ કરી નાખી. અનન્યાના ફોટા એને જ બતાવીને કહ્યું કે, ‘‘તારે તારી ઓફિસમાં કામ કરતા પ્રસંગ નામની વ્યક્તિ સાથે લફરું છે. મારી પાસે એના પ્રૂફ છે. પ્રસંગ અને અનન્યાના અસભ્ય ફોટાઓની આખી હારમાળા રજૂ કરી દીધી. એ જોઈ અનન્યા ભડકી ગઈ. આટલું ભણેલી અને કમાતી હોવા છતાંય પતિની ઈચ્છાને પ્રેમથી સ્વીકારી એના સુખે સુખી બનીને જીવતી અનન્યા માટે આ ઘટના મનને હચમચાવી મૂકે તેવી હતી. ફોટાઓ જોઈને તરત સમજી ગઈ કે આ ટ્રિક ફોટોગ્રાફીથી અમારાં જીવનમાં આગ ચાંપવાનો પ્રયાસ કોઈક દ્વારા થઈ રહ્યો છે. એ કમ્પ્યૂટર એન્જિનિયર હતી. ફોટોગ્રાફીની વાત એણે અર્જુનને કહી કે, ‘‘આ જેણે પણ કર્યું છે ને એને હું છોડીશ નહીં. તું પણ કમ્પ્યૂટર એન્જિનિયર છું, તને કેમ ખ્યાલ ના આવ્યો કે આ બધું બનાવટી છે. આ ફ્રોડ છે. 'વિનાશ કાળે વિપરીત બુદ્ધિ' એ સાચી ઉક્તિ છે. પોતાની સુંદર, સુશીલ, સંસ્કારી અને પ્રેમાળ પત્નીની વાત સ્વીકારવા અર્જુન તૈયાર ન હતો. તેનાં વર્તન અને વાણીથી આજે અનન્યા હણાઈ ગઈ હતી. અર્જુન મા દીકરીને ઘરમાં એકલાં છોડી બહાર જતો રહ્યો. જ્યારે આવ્યો ત્યારે દારૂના નશામાં હતો. દીકરી સાથેનું વર્તન પણ એનું યોગ્ય ન હતું. જાણે એ પ્રસંગની દીકરી હોય એવું વર્તન કરી એણે બંનેને હડધૂત કર્યાં. સમય પારખી અનન્યા મૌન રહી પણ એને મનથી નક્કી કર્યું હતું કે એ એના મૂળ સુધી અવશ્ય પહોંચશે.

સવારે ઓફિસે નીકળતી વખતે એણે અર્જુનને કહ્યું કે મને થોડા દિવસ આપ હું મારી જાતને પુરવાર કરવા માંગુ છું. શું સાચું એ તને જણાવવા માંગું છું. પગ પછાડતો ગુસ્સાથી એ જતો રહ્યો. પોતાનું જ્ઞાન અનન્યા એ કામે લગાડ્યું. તેને સફળતા મળી. સુજીત એમનો જ એક કોમન ફ્રેન્ડ. એમનાં જીવનમાં આગ ચાંપવાનો પ્રયાસ એણે કર્યો હતો. પુરાવા સાથે અનન્યાએ પાંચમાં જ દિવસે બધી જ વસ્તુઓ અર્જુન સમક્ષ રજૂ કરી. તું જેને તારો પરમ મિત્ર ગણતો હતો ને, લે એણે જ આ કૃત્ય કરીને આપણાં જીવનને બરબાદ કરવાનો પ્રયાસ કર્યો છે. એના પોતાના જીવનમાં શાંતિ નહોતી. એ આપણાં સુખને સહન ન કરી શક્યો અને એણે આ કૃત્ય કર્યું. અર્જુન આભો બની ગયો. અનન્યાની માફી માંગવા લાગ્યો. અનન્યા એ રજૂ કરેલા પુરાવાને ચકાસ્યા બાદ અનન્યાની વાત એને સાચી લાગી. સુજીતના શબ્દોમાં પશ્ચાતાપપૂર્ણ કબૂલાતનો ઓડિયો જ્યારે સાંભળ્યો ત્યારે અર્જુનના પગ તળેની જમીન સરકી ગઈ.

અનન્યા બેગ ભરીને તૈયાર હતી એણે કીધું, ‘‘એ વ્યક્તિ સાથે હવે નહીં રહી શકું. જેને મારી ઉપર વિશ્વાસ નથી. મારી પતિવ્રતા ઉપર મારી પવિત્રતા ઉપર શંકા કરી છે. કોઈ અન્ય વ્યક્તિ તો ગમે તે ક્હે, ગમે તે કરે પણ જેને પોતાના જ્ઞાનથી અને સમજદારીથી જીવતા ન આવડતું હોય તો એવી વ્યક્તિ સાથે મારું હવેનું જીવન હું નહીં જીવી શકું. 'વિશ્વાસ લગ્નજીવનનો શ્વાસ છે 'એનો તે ડૂચો વાળી નાખ્યો. છેલ્લા દસ દિવસ મેં ઘણો શારીરિક અને માનસિક ત્રાસ સહન કર્યો છે. તારા વર્તન પરથી મેં આજે નિર્ણય લઈ લીધો છે.

તું ચકાસણી કરી શક્યો હોત, સમસ્યાનો સાથે મળીને આપણે ઉકેલ લાવી શક્યા હોત. મેં એ માટેના પ્રયાસ કર્યા, પણ તું તો જિદ્દી અને અકડુ બનીને વર્તન કરતો રહ્યો. મારી અને દીકરી સાથે ના ગમે તેવું વર્તન કરતો રહ્યો. ભવિષ્યમાં પણ કોઈક આવી અયોગ્ય વાત કરી આપણી વચ્ચે ફૂટ પડાવાનો પ્રયાસ કરશે ત્યારે તું આવું વર્તન ફરી નહીં કરે એની શું ખાતરી? હું મારી દીકરીને લઈને જઉં છું. હું ભણેલી ગણેલી છું. સ્વમાનથી,

# સમસ્ત મહાજન દ્વારા પાલીતાણામાં અબોલ પશુઓનો સેવા અભિયાન

વૈશ્વિક સ્તરે જળ, જંગલ, જમીન, જનાવર, જનની સુખાકારી માટે પ્રયત્નશીલ સંસ્થા સમસ્ત મહાજન દ્વારા પશુઓનો સેવા અભિયાન શરૂ કરવામાં આવ્યો. સમસ્ત મહાજન દ્વારા પાલિતાણામાં હજારો અબોલ જીવોની સેવા કરવામાં આવે છે. પાલિતાણામાં હજારો કુતરાઓ છે, જે આખો દિવસ ખાવાનું શોધતા રહે છે, પરંતુ તેમના માટે કોઈ વ્યવસ્થા આજ સુધી કરવામાં આવી નથી. સમસ્ત મહાજન દ્વારા આ કૂતરાઓને દરરોજ દૂધ અને બાજરાની રોટલી ખવડાવવાનું અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. સમગ્ર પાલીતાણામાં ૧૦૦ થી વધુ જગ્યાઓ નક્કી કરવામાં આવી અને પશુઓનાં ભોજન માટે કુંડીઓ મુકવામાં આવી. આ અભિયાન અંતર્ગત કૂતરાઓને ૧૦૦ લિટર દુધ અને રોટલી ખવડાવવી તેમજ તેમને હડકવા અથવા અન્ય કોઈ બીમારી ન થાય તેના માટે રસીકરણ પણ કરવામાં આવી રહ્યું છે. પવિત્ર પાલિતાણામાં અત્યાર સુધીમાં ૭૦૦ જેટલા શ્વાનને નિયમિત ધોરણે રોટલી અને દૂધ,છાશ અને ભાત, પૂરી, પૌવા વગેરે જમાડવામાં આવે છે. વર્તમાન સમયમાં બે હજારથી વધુ કૂતરા અને બિલાડીઓ માટે નિયમિત વ્યવસ્થા ઉભી કરવામાં આવી રહી છે. સમસ્ત મહાજનનાં આ કાર્યમાં નંદપ્રભા ધર્મશાળા, તખતગઢ ધર્મશાળા, ઈસ્ઢ જંબુદિપ ધર્મશાળા, પાલનપુર ધર્મશાળા, કેસરિયજી ધર્મશાળા, ભૂરીબા ધર્મશાળા, નવરત્નધામ ધર્મશાળા, વિદ્યાવિહાર ધર્મશાળા, ચેન્નઈ ભુવન, મન શાંતિ ભુવન, ધાનેરા ભુવન, મહારાષ્ટ્ર ભુવન, દક્ષ વિહાર, આત્માનંદ જૈન પંજાબી યાત્રિક ભવન, ખિમંત ભવન, નાકોડા ભવન, ઝાલાવાડ યાત્રિક ભવન, ગિરિવિહાર ભોજનશાળા, શ્રી ગોડીજી પાર્શ્વનાથ જૈન ધર્મશાળા, તિલોક્ દર્શન ધર્મશાળા, આગમ મંદિર, ચંદ્ર દીપક ધર્મશાળા, સંઘવી ભેરુ વિહાર, જડાવી ભવન, ગિરીવિહાર ધર્મશાળા, મોહન બાગ ધર્મશાળા, ભરતભાઈ માંડલિયા વગેરે ભોજનશાળાઓનો સહયોગ મળી રહ્યો છે. સહયોગ આપનાર તમામ ધર્મશાળાઓનું સમસ્ત મહાજન દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. પાલિતાણામાં અબોલ જીવોની સેવા કરવા માટે એક દિવસનો અંદાજિત ખર્ચ દસ હજાર રૂપિયા છે. આ અબોલ પશુઓની સેવામાં જોડાવવા સમસ્ત મહાજનનાં ગિરીશભાઈ શાહ (મો.૯૮૨૦૦૨૦૯૭૬), અજયભાઈ શેઠ(મો. ૯૪૨૬૨ ૨૮૦૧૮), પરેશભાઈ શાહ (મો.૯૮૧૯૩૦૧૨૯૮) નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# ગૌ વિજ્ઞાન, આયુર્વેદ, પંચગવ્ય ચિકિત્સા વિષય પર ત્રિદિવસીય રાષ્ટ્રીય કક્ષાની સંગોષ્ઠી યોજાશે

ગૌ વિજ્ઞાન, આયુર્વેદ, પંચગવ્ય ચિકિત્સા વિષય પર ત્રિદિવસીય રાષ્ટ્રીય કક્ષાની સંગોષ્ઠી તા. ૨, નવેમ્બર, ગુરૂવાર થી તા. ૪ નવેમ્બર, શનિવાર દરમિયાન ગાયત્રીધામ, એ.બી. રોડ, સેંધવા (જલગાંવ, ઈન્દોર, ધુલીયાથી ૧૫૦ કિમીના) દરમ્યાન યોજાશે.

આ કાર્યક્રમમાં વૈદ્ય રાકેશજી શર્મા (ભારત સરકાર, નવી દિલ્હી), વૈદ્ય હિતેશજી જાની, વૈદ્ય આશુતોષ પાટણકર, વૈદ્ય ઓમપ્રકાશજી સિંહ, વૈદ્ય નંદીની ભોજરાજ, વૈદ્ય સુમિતા જૈન, વૈદ્ય પ્રજ્ઞાન ત્રિપાઠી, ડો. રામસ્વરૂપ ચૌહાણ, ડો. નારાયણ દક્ષિણકર, ડો. સંજય વાતે, ડો. મનીષ દેશમુખ, ડો. અભિષેક દેશમુખ, ડો.,આશીષ અગ્રવાલ, ડો. શ્રેયાંશ જૈન (બનારસ), ડો. કૃષ્ણમુર્તિજી, ડો. પ્રકાશ ઈટનકર, ડો. રાજપાલ કશ્યપજી પંચગવ્ય ચિકિત્સા વિષય પર પોતાનું અનુભવ સિધ્ધ માર્ગદશન આપશે.

તા.૩ નવેમ્બરના રોજ ગોપાલભાઈ સુતરીયા દ્વારા ગૌઆધારીત સ્વાવલંબી ખેતી વિષયક માર્ગદર્શન અપાશે. આ કાર્યક્રમ અંતર્ગત, અખિલ વિશ્વ ગાયત્રી પરીવાર રચનાત્મક કેન્દ્ર, ઋષિયુગમ કી દિવ્ય



પ્રેરણા દ્વારા સંચાલિત ગૌમાતા સુરભીની તપોભૂમિ ગાયત્રી ધામ, આરણ્યક ગુરૂકુલ, પ્રાકૃતિક ચિકિત્સાલય, પંચગવ્ય, ગૌવિજ્ઞાન, સ્વાવલંબન, જળ તથા જમીન, સ્વાસ્થય સમૃધ્ધિ, સંસ્કૃતિ, સંસ્કાર, રાષ્ટ્રીય સદભાવના પ્રશિષણ મેરી માટી—મેરા દેશ, મેરા કર્તવ્ય, અખંડ પુરૂષાર્થ વિગેરે વિષયો વિસ્તૃત ચર્ચા કરવામાં આવશે.

સમગ્ર આયોજનને ભારતીય ગૌવંશ રક્ષણ સંવર્ધન પરીષદ(નવી દિલ્હી), ગૌ વિજ્ઞાનશાળા, દેવલાપર, નાગપુરના સુનીલ માનસિંઘકાજી (પૂર્વ સદસ્ય રાષ્ટ્રીય કામધેનુ આયોગ, ભારતીય જીવજંતુ કલ્યાણ બોડ, રાષ્ટ્રીય પંચગવ્ય અનુસંધાન સમિતી, રાષ્ટ્રીય ગૌવંશ આયોગ) માર્ગદર્શન આપી રહયાં છે.

કાર્યક્રમની વિશેષ માહિતી માટે રાજેશજી ગુપ્તા (ઈન્દોર) (મો.૯૮૨૬૦ ૨૨૨૮૦), અભયસિંહજી,(જલગાંવ) (મો.૯૫૫૨૨૧૧૦૯૯) પર સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# હાજર છું !




**અરે આજે તમારો જન્મદિવસ ક્યાં શોધું તમને**
**તમે ગેરહાજર છો એ શું એ ખરેખર સત્ય છે ?**

**ગેરહાજરીમાં સદા તમારી હાજરી અનુભવી છે**
**હાજરીમાં રહેલી તાજગી ૩૦ વર્ષ માણી છે**

**જાણો છો હાજરીમાં તમને સદા નિરખ્યા છે**
**તમારા પડછાયાને બંધ આંખે ઓળખ્યા છે**

**તમે સમક્ષ હો કે નહો અંતરમાં સદા વસો છો**
**તમારા વિયોગે પળવાર ક્યાં વિસરાયા છો**

**દિલને તમારા વગર ભલે વસમું લાગે છે**
**પણ તમે દિલમાં છો તમારી હસ્તી લાગે છે**

**યાદોની બારાતની શરણાઈના સુર રેલાયા છે**
**સુરની ધુન સુણી તારી છબી અંગે ચાંપી છે**

**પ્રવિણા કડકીયા,અમેરીકા**

# ભાજપ સરકાર એસ.સી., એસ.ટી. અને ઓ.બી. સી. ના કાયદાકીય અધિકારને છીનવી રહી છે.

તા. ૩૦-૧૦-૨૦૨૩ના રોજ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ રાજીવ ગાંધી ભવન ખાતે ઓ.બી.સી. ડીપાર્ટમેન્ટ પ્રદેશ કારોબારીને સંબોધન કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય નેતૃત્વે હંમેશા, કચડાયેલ વર્ગના સામાજીક ન્યાયની લડત માટે હંમેશા મક્કમતાથી કામગીરી કરેલ છે. શિક્ષણ, રોજગાર, ઘાંસચારાના પ્લોટ સહિત અનેક વિવિધ યોજનાઓ દ્વારા એસ.સી., એસ.ટી. ખાસ કરી ઓ.બી.સી. પરિવારોને ન્યાય મળે અને તેમનું સશક્તિકરણ થાય તે માટે કાયદાની જોગવાઈ કોંગ્રેસ પક્ષે કરી, કમ નસીબે ગુજરાતની વર્તમાન ભાજપ સરકાર એસ.સી., એસ.ટી. અને ઓ.બી.સી. ના કાયદાકીય અધિકારને છીનવી રહી છે.

આગામી દિવસોમાં કોંગ્રેસ પક્ષ જાતિગત ગણના થાય તે માટે પ્રતિબધ્ધ છે. જે રાજ્યમાં અને કેન્દ્રમાં સરકાર આવશે તો કોંગ્રેસ પાર્ટી કાસ્ટ સેન્સર (જાતિજનગણના) માટે પ્રતિબધ્ધ છે અને જે લડાઈ લડવી પડે તે લડશે.

વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, જાતિ જનગણના દ્વારા જ ઓ.બી.સી. સમાજ, કેટલીક



ટકાવારીમાં છે તે સુનિશ્ચીત કરી શકાય અને તે પ્રમાણે સત્તામા તેમની ભાગીદારી હોવી જોઈએ. જાતિજનગણના અને ઓ.બી.સી. માટે કોંગ્રેસ પક્ષ વિધાનસભાના પટલ પર અને બહાર પણ લડત આપશે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પૂર્વ પ્રમુખ અને પૂર્વ કેન્દ્રીયમંત્રીશ્રી ભરતસિંહ સોલંકીએ આજના દિવસે ભૂતકાળમાં ગુજરાતમાં ઓ.બી.સી. મુદ્દે પૂર્વ માધવસિંહજીની સરકારે સત્તાનાં બદલે સામાજિક ન્યાયને પ્રધાન્ય આપી સરકારનું બલિદાન આપેલ, તેમનું બલિદાન ઓ.બી.સી.ની જ્ઞાતિઓએ હંમેશા યાદ રાખશે. આવનારા સમયમાં ઓ.બી.સી. સમાજ એક થઈ ભારતીય જનતા પાર્ટીની ખોખલી હિન્દુત્વની નીતિ, આર.એસ.એસ.ની વિચારધારા સામે લડત લડવાનું આહવાન કરેલ છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખ અને પૂર્વ સાંસદશ્રી જગદીશભાઈ ઠાકોરે ઓ.બી.સી. અનામત અને મહિલા અનામત મુદ્દે જાતિગત ગણના થાય અને તે પ્રમાણે મહિલાઓનું નેતૃત્વ વધે અને તે માટે લડત આપવાની વાત કરી.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસના ઓ.બી.સી. ડીપાર્ટમેન્ટના ચેરમેનશ્રી ઘનશ્યામભાઈ ગઢવીએ આજના કાર્યક્રમ નિમિત્તે ચાર ઠરાવને કાર્યકરો અને પક્ષના મોભીઓ સમક્ષ યથાર્થ કર્યો. ઠરાવ નં. (૧) પ્રદેશ અને દેશમાં ૩૩ ટકા મહિલા અનામતમાં ઓ.બી.સી. મહિલાઓની સત્તાની ભાગીદારી વસ્તિ ગણતરી પ્રમાણે હોવી જોઈએ. ઠરાવ નં. (૨) જાતિ આધારિત વસતિ જનગણના થાય તથા જનગણના સાથે આર્થિક સર્વે પણ થાય અને આર્થિક સર્વેના આધારે તથા ડીલીમીટેશન પ્રમાણે સત્તામાં મહિલાઓની ભાગીદારી ફરજિયાત થવી જોઈએ. ઠરાવ નં. (૩) છેલ્લા ૩૦ વર્ષથી ગુજરાતમાં ભાજપની સરકારના રાજમાં કહેવાતા તત્કાલીન ઓ.બી.સી. મુખ્યમંત્રી (નરેન્દ્ર મોદી) તથા નાણામંત્રી (વજુભાઈ વાળા) હોવા છતાં બજેટમાં પુરા એક ટકા પણ ઓ.બી.સી. જ્ઞાતિઓને ફાળવણી કરવામાં આવતી નહોતી ત્યારે આ ઠરાવ મુદ્દા મુજબ ૫૦ ટકા ઓ.બી.સી. વસતિ પ્રમાણે બજેટમાં ફાળવણી થવી જોઈએ. ઠરાવ નં. (૪) રાજ્યમાં નોકરીઓ બહાર પડે ત્યારે ઓ.બી.સી. અનામતની ૨૭ ટકા સીટો કરાર આધારિત અનામત લાગુ કરી ભરવામાં આવશે.

# બીલ મંજૂર કરવામાં જાણી જોઈને વિલંબઃ તમિલનાડુ સરકાર રાજ્યપાલ સામે સુપ્રીમ કોર્ટમાં ગઈ

ચેન્નાઇ,તા.૩૧

તમિલનાડુ સરકાર અને રાજ્યપાલ આરએન રવિ વચ્ચે ફરી એકવાર સંઘર્ષ થયો છે. બંને વચ્ચે છેલ્લા કેટલાક મહિનાઓથી સંઘર્ષ ચાલી રહ્યો હતો. હવે સરકાર બિલમાં વિલંબને લઈને સુપ્રીમ કોર્ટમાં પહોંચી છે. ગવર્નર આરએન રવિ પર મંજુરી માટે મોકલવામાં આવેલા બિલમાં જાણી જોઈને વિલંબ કરવાનો આરોપ લગાવતા સરકારે સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો છે. સરકારે કોર્ટને અપીલ કરી છે કે રાજ્યપાલને બિલને સંમતિ આપવા અથવા ચોક્કસ સમય મર્યાદામાં તેનો નિકાલ કરવાનો નિર્દેશ આપે.

આ પહેલીવાર નથી કે જ્યારે મુખ્યમંત્રી અને રાજ્યપાલ વચ્ચે કોઈ મુદ્દે ઘર્ષણ થયું હોય. આ પહેલા પણ, મુખ્ય પ્રધાન એમકે સ્ટાલિન અને કેન્દ્રમાં નિયુક્ત રાજ્યપાલ રવિએ પેન્ડિંગ બિલો, સ્ટાલિનની વિદેશ મુલાકાતો, સરકારના દ્રવિડિયન મોડલ અને રાજ્યના નામ પરની તેમની ટિપ્પણીઓને લઈને ઘર્ષણ કર્યું હતું.

તમિલનાડુ સરકારે સુપ્રીમ કોર્ટને કરેલી તેની વિનંતીમાં દાવો કર્યો છે કે રાજ્યપાલ રાજ્ય વિધાનસભા દ્વારા મોકલવામાં આવતા બિલો અને આદેશોને સમયસર મંજૂરી આપતા નથી. સરકારે કહ્યું કે ૧૨ બિલ, ચાર પ્રોસિક્યુશન મંજૂરી અને ૫૪ કેદીઓની સમય પહેલા મુક્તિ સંબંધિત ફાઈલો હાલમાં રાજ્યપાલ રવિ પાસે પેન્ડિંગ છે. સ્ટાલિન સરકારે ગવર્નર પર ×લોકોની ઈચ્છાને નબળી પાડવા× અને ×ઔપચારિક વડાના પદનો દુરુપયોગ× કરવાનો આરોપ પણ મૂક્યો હતો.

તમને જણાવી દઈએ કે તમિલનાડુના ગવર્નર રવિએ આ વર્ષે ૪ જાન્યુઆરીએ ચેન્નાઈમાં એક કાર્યક્રમ દરમિયાન પોતાની ટિપ્પણીથી રાજ્યના નામ પર ચર્ચા શરૂ કરી દીધી હતી. તેમણે કહ્યું હતું કે, ×તમિલનાડુને લઈને એક અલગ પ્રકારની વિચારસરણી વિકસિત થઈ છે. જ્યારે પણ કોઈ વાત સમગ્ર દેશમાં લાગુ થાય છે, ત્યારે તમિલનાડુ તેને 'ના' કહે છે. આ એક આદત બની ગઈ છે.× આ સાથે તેમણે તમિલનાડુને 'તમિઝગમ' કહીને સંબોધન કર્યું. રાજ્યપાલના આ નિવેદન બાદ તમિલનાડુ સરકારે તેનો જોરદાર વિરોધ કર્યો હતો. જે બાદ રાજ્યપાલે સ્પષ્ટતા કરી હતી કે એ વિચારવું ખોટું છે કે તેમણે તમિલનાડુનું નામ બદલવાનું સૂચન કર્યું હતું.જાન્યુઆરીમાં જ એક વિવાદ થયો હતો જ્યારે રાજ્યપાલ આરએન રવિએ સરકાર દ્વારા તૈયાર કરેલા ભાષણના કેટલાક ભાગો છોડી દીધા હતા. જે બાદ સીએમ સ્ટાલિને ભાષણના ભાગોને નજરઅંદાજ કરવાનો આરોપ લગાવીને ગુસ્સો વ્યક્ત કર્યો હતો. વાસ્તવમાં, ભાષણનો તે ભાગ જેમાં તમિલનાડુને શાંતિનું સ્વર્ગ ગણાવવામાં આવ્યું હતું અને દ્રવિડ મોડેલની વાત કરવામાં આવી હતી. ઉપરાંત, રાજ્યપાલે તેમના ભાષણમાં બિનસાંપ્રદાયિકતા સાથે સંબંધિત ભાગોનો ઉલ્લેખ કર્યો ન હતો.

**ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-**
**આયોજક : પ્રદીપ રાવલ**




*NOG SS NO:122*
★પ્રકાર : કાવ્ય★
★વિષય : શરદપૂનમ★
★શીર્ષક : અવકાશે આભા★
★શબ્દો : ૮૫★
★નામ :કાજલ શાહ 'કાજ'★★
★રચના....★

વસંત ઋતુનો રાજા છે તો શરદ ઋતુની રાણી,
શરદ પૂનમનો મહિમા મોટો શું રે કહું કહાણી!

સોળ કળાએ ખીલે ચંદ્રમા જાણે કળાયલ મોર,
ગોપગોપીઓ ઘેલા થઈ સંગ રમે રાસ ચિતચોર.

ગુણો ઔષધિય ભરી ચાંદની રેલાતી ધરતી પર,
દૂધપૌઆમાં વ્હાલ વ્હાવી આશિષ વરસે સૌ પર.

ભક્તિ સાધના કેરો દિવસ આ ધ્યાન ધરે જો યોગે,
કૃપા થશે મા!શારદ કેરી વિદ્યા ધનને ભોગે.

રૂપા જેવો ચળકે ચંદ્રમા વિભાવરી શણગાર,
ચઢે હિલોળે મહેરામણ જોઈ રૂપગુણનો ભંડાર.

કવિઓની બની જાતી કવિતા પ્રેમીયુગલની વાચા,
શરદપૂનમની સમીસાંજ અવકાશે અદ્ભૂત આભા.

??કાજલ??

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No 109**
શિર્ષક :-નવું
પ્રકાર :- પદ્ય

વર્ષો બધા યે ગાઠ મારતા ગયા,
તારણો બધા પાઠ ભણતા ગયા.

ઠહેરવાના અવસરો આવ્યાને ગયા,
લઈ શરૂઆત બધા ભોઠ બનતા ગયા.

નવું નવું લઈ આવી મળે નવા વર્ષેમાં,
થોડા દિવસમાં બધા ગાઠ તોડતા ગયા.

બાંધી રાખે જાત આખી સાંકળો સખ્ત,
દેખાવો કરી બધા ઓઠ લેતા ગયા.

પ્રેમમાં મશગુલ જાણે પંકજભમરો થયા,
ખુલ્લી પાખડી બધા ઠાઠ કરતા ગયા.

બહાનું બસ મળવાનું શોધી લેતા "મહેક",
નવા વર્ષની ઓથ બધા પાઠ ભણતા ગયા.

બાબુ સંગાડા"મહેક"



અમદાવાદના ચિત્રકાર હેમંત પંડ્યાએ સરદાર પટેલનું ચિત્રસર્જન કેનવાસ પર કરીને કલાત્મક રીતે સરદાર પટેલના જન્મદિવસની ઉજવણી કરી હતી

# એમસીએક્સ પર સોના-ચાંદીના વાયદાના ભાવમાં સામસામા રાહઃ કોટન-ખાંડી વાયદામાં નરમાઈનો માહોલ

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર મંગળવારે આ લખાઈ રહ્યું છે ત્યારે વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૩૨,૭૯૩.૬૮ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. સોનું ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૦ સુધરી રૂ.૬૧,૩૦૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો, જ્યારે ચાંદીનો ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૪૬૬ના ઘટાડા સાથે રૂ.૭૨,૨૮૯ના ભાવ બોલાઈ રહ્યા હતા. આ સામે ક્રૂડ તેલનો નવેમ્બર વાયદો બેરલદીઠ રૂ.૨૫ વધી રૂ.૬,૯૦૫ થયો હતો. કોટન-ખાંડીનો નવેમ્બર વાયદો ખાંડીદીઠ રૂ.૪૮૦ ઘટી રૂ.૫૮,૨૨૦ બોલાઈ રહ્યો હતો.

સોમવારે મોડી રાત્રે પૂરા થતાં બીજા સત્ર સુધીમાં ૧૧,૫૧,૯૧૨ સોદાઓમાં કુલ રૂ.૧,૦૪,૩૨૬.૦૫ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૨૪,૨૭૫.૦૧ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૮૦૦૩૪.૨ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં સોમવારે મોડી રાત્રે પૂરા થતાં બીજા સત્ર સુધીમાં એમસીએક્સ પર ૨,૩૮,૩૦૮ સોદાઓમાં રૂ.૧૬,૧૩૫.૧૧ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૬૧,૩૯૬ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૧,૩૯૬ અને નીચામાં રૂ.૬૧,૧૧૦ ના મથાળે અથડાઈ, બંને સત્રનાં અંતે રૂ.૧૨૪ વધી રૂ.૬૧,૨૮૦ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ઓક્ટોબર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૪૪૦ વધી રૂ.૪૯,૪૩૬ અને ગોલ્ડ-પેટલ ઓક્ટોબર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૪૧ વધી રૂ.૬,૦૬૨ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની નવેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૫ વધી રૂ.૬૧,૦૭૭ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૭૧,૮૩૯ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૩,૩૯૦ અને નીચામાં રૂ.૭૧,૮૩૯ ના મથાળે અથડાઈ, બંને સત્રનાં અંતે રૂ.૧,૦૩૮ વધી રૂ.૭૨,૭૫૫ ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૧,૦૦૯ વધી રૂ.૭૨,૭૭૦ અને ચાંદી-માઈક્રો નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૧,૦૨૧ વધી રૂ.૭૨,૭૯૦ બંધ થયો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં સોમવારે મોડી રાત્રે પૂરા થતાં બીજા સત્ર સુધીમાં એમસીએક્સ ખાતે ૧૧,૫૫૨ સોદાઓમાં રૂ.૧,૭૩૧.૭૬ કરોડના વેપાર થયા હતા. તાંબુ ઓક્ટોબર વાયદો રૂ.૭૦૩.૪૦ના ભાવે ખૂલી, રૂ.૨.૯૦ વધી રૂ.૭૦૨.૪૦ જ્યારે એલ્યુમિનિયમ ઓક્ટોબર કોન્ટ્રેક્ટ રૂ.૧.૭૦ વધી રૂ.૨૦૬.૪૦ તેમ જ સીસું ઓક્ટોબર કોન્ટ્રેક્ટ રૂ.૧.૧૦ વધી રૂ.૧૮૪ના ભાવ થયા હતા. જસત ઓક્ટોબર કોન્ટ્રેક્ટ રૂ.૦ કોઈ ફેરફાર વગર રૂ.૨૨૧ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની ઓક્ટોબર વાયદો ૧ કિલોદીઠ રૂ.૨.૩૫ વધી રૂ.૨૦૬.૩૦ સીસુ-મિની નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૦.૨૫ વધી રૂ.૧૮૬.૩૦ જસત-મિની ઓક્ટોબર વાયદો રૂ.૦.૪૦ વધી રૂ.૨૨૧.૩૫ બંધ થયો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં સોમવારે મોડી રાત્રે પૂરા થતાં બીજા સત્ર સુધીમાં એમસીએક્સ પર ૧,૩૬,૦૩૯ સોદાઓમાં રૂ.૬,૩૯૮.૯૭ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ નવેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૭,૦૫૧ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭,૦૬૭ અને નીચામાં રૂ.૬,૮૩૧ ના મથાળે અથડાઈ, બંને સત્રનાં અંતે રૂ.૨૪૮ ઘટી રૂ.૬,૮૮૦ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની નવેમ્બર વાયદો રૂ.૨૩૬ ઘટી રૂ.૬,૮૮૭ બંધ થયો હતો. નેચરલ ગેસ નવેમ્બર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૯૩ના ભાવે ખૂલી, રૂ.૧૫.૭૦ ઘટી રૂ.૨૭૯.૭૦ અને નેચરલ ગેસ-મિની નવેમ્બર વાયદો ૧૫.૫ ઘટી ૨૮૦ બંધ થયો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં સોમવારે મોડી રાત્રે પૂરા થતાં બીજા સત્ર સુધીમાં એમસીએક્સ ખાતે રૂ.૯.૧૭ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી નવેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૫૮,૭૮૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૮,૮૨૦ અને નીચામાં રૂ.૫૮,૬૦૦ ના મથાળે અથડાઈ, બંને સત્રનાં અંતે રૂ.૩૨૦ ઘટી રૂ.૫૮,૭૦૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ નવેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૩.૭૦ ઘટી રૂ.૯૨૦.૪૦ બોલાયો હતો.

કામકાજની દૃષ્ટિએ સોમવારે મોડી રાત્રે પૂરા થતાં બીજા સત્ર સુધીમાં એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૫,૧૮૪.૯૪ કરોડનાં ૭,૧૭૭.૪૯૨ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૧૦,૯૫૦.૧૭ કરોડનાં ૧,૧૫૬.૭૫૩ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૨,૭૦૪.૬૫ કરોડનાં ૨૮,૦૭,૦૨૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૩,૬૯૪.૩૨ કરોડનાં ૭,૮૮,૧૪,૦૦૦ એમએમબીટીયૂ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં

**ડેઈલી માર્કેટ રિપોર્ટ**
**નૈમિષ ત્રિવેદી**

રૂ.૨૯૨.૨૧ કરોડનાં ૯,૭૮૩ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૪૪.૮૦ કરોડનાં ૨,૧૩૯ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૧,૧૭૨.૬૯ કરોડનાં ૧૨,૮૩૩ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૨૨૨.૦૬ કરોડનાં ૮,૫૯૩ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૩.૬૮ કરોડનાં ૬૨૪ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૫.૪૯ કરોડનાં ૫૧.૪૮ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર બંને સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૨૦,૦૯૯.૧૧૧ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૯૦૦.૦૬૪ ટન, તાંબાના વાયદાઓમાં ૧૮,૧૬૭.૫૦૦ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૧૯,૪૯૦ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૩,૭૭૧ ટન તથા જસત અને જસત-મિનીમાં ૨૨,૪૪૩ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૭,૪૯,૫૧૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૨,૮૭,૩૨,૭૫૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૬,૨૮૮ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૫૮૩.૯૨ ટનના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, સોમવારે મોડી રાત્રે પૂરા થતાં બીજા સત્ર સુધીમાં એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૧૬.૮૪ કરોડનાં ૨૦૪ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૩૦૫ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ નવેમ્બર વાયદો ૧૬,૦૮૧ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૬,૧૬૬ અને નીચામાં ૧૬,૦૭૫ બોલાઈ, ૯૧ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૮૫ પોઈન્ટ વધી ૧૬,૧૨૪ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો. ઓપ્શન્સની વાત કરીએ તો, સોમવારે મોડી રાત્રે પૂરા થતાં બીજા સત્ર સુધીમાં કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ. ૮૦૦૩૪.૨ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૩૮૯૮.૬૨ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૩૩૮૮.૪૯ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૬૫૩૧૧.૪૯ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૭૪૧૦.૮૬ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ. ૨૧૦૨.૧૯ કરોડનું થયું હતું.

સોમવારે મોડી રાત્રે પૂરા થતાં બીજા સત્ર સુધીમાં સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ નવેમ્બર રૂ.૭,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૮૯.૯૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૯૬.૫૦ અને નીચામાં રૂ.૧૭૮ ના

આભાર - નિહારીકા રવિયા મથાળે અથડાઈ, બંને સત્રનાં અંતે રૂ.૧૩૯.૧૦ ઘટી રૂ.૨૦૦.૨૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ નવેમ્બર રૂ.૨૮૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૦.૨૦ ખૂલી, ઉપરમાં રૂ.૨૦.૨૦ અને નીચામાં રૂ.૧૫.૧૦ રહી, અંતે રૂ.૧૦.૪૫ ઘટી રૂ.૧૬.૦૫ થયો હતો.

સોનું નવેમ્બર રૂ.૬૨,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૨૪ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૬૦ અને નીચામાં રૂ.૩૬૩ ના મથાળે અથડાઈ, બંને સત્રનાં અંતે રૂ.૩૦ વધી રૂ.૪૦૯.૫૦ થયો હતો, જ્યારે સોનું-મિની નવેમ્બર રૂ.૬૧,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૮૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૯૯૬.૫૦ અને નીચામાં રૂ.૭૩૮.૫૦ રહી, અંતે રૂ.૮૯ વધી રૂ.૮૩૮ થયો હતો.

ચાંદી નવેમ્બર રૂ.૭૩,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૨૨૦ના ભાવે ખૂલી, રૂ.૩૫૦.૫૦ વધી રૂ.૧,૫૩૮.૫૦ થયો હતો, જ્યારે ચાંદી-મિની નવેમ્બર રૂ.૭૩,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૫૦૦ના ભાવે ખૂલી, રૂ.૩૩૫ વધી રૂ.૧,૫૪૨ થયો હતો. તાંબુ નવેમ્બર રૂ.૭૨૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧ વધી રૂ.૬.૦૭ જસત નવેમ્બર રૂ.૨૨૨.૫૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૨.૮૫ વધી રૂ.૬ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ નવેમ્બર રૂ.૭,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૩૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૩૪૪ અને નીચામાં રૂ.૨૨૭.૭૦ ના મથાળે અથડાઈ, બંને સત્રનાં અંતે રૂ.૯૪.૩૦ વધી રૂ.૩૧૬.૪૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ નવેમ્બર રૂ.૨૮૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૬.૪૦ ખૂલી, ઉપરમાં રૂ.૧૭.૯૦ અને નીચામાં રૂ.૧૪.૫૦ રહી, અંતે રૂ.૪.૯૫ વધી રૂ.૧૬.૨૫ થયો હતો. સોનું નવેમ્બર રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૨૧ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૯૩.૫૦ અને નીચામાં રૂ.૨૨૧ ના મથાળે અથડાઈ, બંને સત્રનાં અંતે રૂ.૪૦ ઘટી રૂ.૨૫૧ થયો હતો, જ્યારે સોનું-મિની નવેમ્બર રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૫૧ ખૂલી, ઊપરમાં રૂ.૩૦૪ અને નીચામાં રૂ.૨૨૧ રહી, અંતે રૂ.૩૧.૫૦ ઘટી રૂ.૨૭૧.૫૦ થયો હતો. ચાંદી નવેમ્બર રૂ.૭૨,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૫૫૦ના ભાવે ખૂલી, રૂ.૫૩૨ ઘટી રૂ.૧,૨૬૪ થયો હતો, જ્યારે ચાંદી-મિની નવેમ્બર રૂ.૭૨,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૬૫૧ના ભાવે ખૂલી, રૂ.૫૧૩.૫૦ ઘટી રૂ.૧,૨૭૨.૫૦ થયો હતો. તાંબુ નવેમ્બર રૂ.૭૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલો દીઠ રૂ.૦.૮૪ ઘટી રૂ.૪.૪૬ થયો હતો.

# જેને પૂજતા હોવ,ભલે પુજો;પણ કોઈ દિવસ મહાદેવની નિંદા ના કરશો

ત્રીજા દિવસની કથા પ્રારંભે ગઈકાલે બાપુએ ભૂતનાથ મંદિર-વડલી માટે વિનય કરેલો અને પોતે સવા લાખ રૂપિયાના તુલસીપત્રથી જેનો પાયો નાખેલો એ મંદિર વિકાસ માટે દાન પ્રવાહમાં એક લાખ રૂપિયા નાયક પરિવાર, તેમજ દોઢ લાખ રૂપિયા મુંબઈના યુવાનો કે જે પ્રવીણભાઈ તન્ના સાથે સંકળાયેલા છે, અને રામકથાનાં મુખ્ય મનોરથી પરેશ ફાફડાવાળા તરફથી ત્રણ લાખ રૂપિયાની જાહેરાત કરવામાં આવી.

આજે એ વિશેષતા પણ હતી કે બાપુ બે દિવસથી જેનો સતત ઉલ્લેખ કરે છે, જેની સાથે બાપુ આ ભૂતનાથ મંદિરે સેવા કરવા માટે આવતા એ ધીરુભાઈ-ધીરુકાકા અને તેના પરિવારનું અભિવાદન વ્યાસપીઠ પર થયું. બાપુએ કહ્યું કે જેને મેં સેવ્યો છે જેના આધારે ભૂતનાને ભજતો એ કાંતિકાકા એના મોટાભાઈ છે અને જે વ્રજનાથ મહાદેવની આખો શ્રાવણ મહિનામાં પૂજા કરે છે. બાપુએ દુલેરાય દાદા સાથેના સ્મરણો વાગોળતા કહ્યું કે નાનપણમાં ડોંગરેજી મહારાજની કથામાં જતાં, તેમજ નાનીમાને પણ યાદ કર્યા અને એના કૂવે એકમાત્ર સ્નાન કરવા હું જતો એની વાડીએ બપોરે સુવા જતો. બાપુએ આ બધું કહીને જણાવ્યું કે એટલા માટે કહું છું કે આ પરિવારે કોઈ દિવસ વ્યાસપીઠનો લાભ લીધો નથી બાકી મને ખબર નથી એમ નાનાથી મોટા સુધી સૌ પોતાનો લાભ વ્યાસપીઠ પાસેથી લીધેલો છે.



જ્યારે દેવુ(મહારાષ્ટ્ર) ખાતેની કથા હતી એ વખતે મહારાષ્ટ્રમાંથી વારકરિ સંપ્રદાયને કથા શ્રવણ માટે આમંત્રણ અપાયેલું એના ૫૫-૬૦ લોકો પણ કથા માટે આવ્યા અને વીઠ્ઠોબા રુકમાઇ કીર્તન પર

મહારાષ્ટ્રના એ લોકોએ નૃત્ય કીર્તન કર્યું, આપણે ત્યાં મૂળ દશાવતાર, એમાં રામ અને કૃષ્ણ બે પૂર્ણાવતાર ગણાય છે. પણ એમાં કોણ કેટલી કળા એ વિષયોમાં ન જવું એ વિદ્વાનો માટેનો વિષય છે. ચંદ્રને સોળ કળા એટલે કૃષ્ણની સોળ કળા અને આદિત્ય-સૂર્યને ૧૨ કળા એટલે રામની બાર કળા એવા ઘણા અર્થો લગાવતા હોય છે. પણ બંને પ્રેમાવતાર, બંને સત્યાવતાર, કરુણાવતાર, બંને મર્યાદા પુરુષોત્તમ છે. કૃષ્ણની મર્યાદા અનદેખી રહી ગઈ છે. તમામ નક્ષત્રો પ્રગાઢ અંધકારમાં ચમકે છે, સૂર્ય તમામ અંધકારનો નાશ કરે છે એક જ તત્વ એ આ બંને અવતાર લીધા. રામ સૂર્યની ઉપસ્થિતિમાં, કૃષ્ણ રાત્રે પ્રગટ થયા છે, આ અવતારોની અદભુત લીલા છે. પણ આ બંને વચ્ચે ભોળોનાથ જેની પાસે સૂર્ય, ચંદ્ર અને અગ્નિ પણ છે. સૂર્ય અને ચંદ્ર આપણને દૂર પડે પણ અગ્નિ તો આપણા ચૂલામાં, આપણા ધુણામાં, આપણા યજ્ઞકુંડમાં, આપણો હાથવગો છે. ઋગ્વેદનો એક મંત્ર અગ્નિ તત્ત્વ વિશે કહે છે. શિવ-જેનો જન્મ જ નથી એનો વંશિ કેવો? જેને પૂજતા હોવ, ભલે પુજો; પણ કોઈ દિવસ મહાદેવની નિંદા ના કરશો. શિવ કૃપા આપણને ભજન કરતા શીખવે છે. બધામાં ભય છે પણ એક અભય છે વૈરાગ્યમાં-એવું ભર્તૃહરી લખે છે. એક ભય આપણને આપણા વેરી-દુશ્મનનો હોય છે. એક ભય રાજાનો હોય, શાસક, પદાધિકારી અને સરપંચનો પણ ભય હોય છે. આ બીજ પંક્તિમાં ભીમ અને ભૂમિધરણ શબ્દ, ભીમ એટલે ભીમ અને ભૂમિ ધરણ એટલે લક્ષ્મણ એ બંનેનું સ્મરણ છે. ભીમ શંકર ઉપાસક છે, લક્ષ્મણ પણ શંકર ઉપાસક છે. બે કાળને કવિતામાં તુલસીએ જોડ્યા છે રામચરિત્રનો આરંભ શિવકથાથી થાય છે એ શિવ મહિમા છે. શિવચરિત્રની રસાળ કથાના મંડાણ પહેલાં બાપુએ કહ્યું કે રામકથાના મૂળમાં મહાદેવ છે. ગુરુને કાયમ કેન્દ્રમાં રાખવા ત્રણ વસ્તુ કરવીઃકોઈ દિવસ ગુરુથી કંઈ છુપાવવું નહી, એની આજ્ઞા યથાતથ પાડવી અને ગુરુથી કોઈને મોટો ન સમજવો આ વ્યક્તિ પૂજા નથી. નાસ્તિ તત્વ પરમ્- મહાદેવ જેવો કોઈ મોટો ગુરુ નથી.

★અમૃતબિંદુઓઃ★

★અખબારોના સનસનાટી સિવાયના સમાચાર આઠમાં વાર તરીકેના સમાચારઃ★

બાપુએ કહ્યું કે આજે આકાશવાણીનાં ત્રિભુવન કેન્દ્ર દ્વારા સારા સમાચારો આપવા છેઃએક-પ્રત્યેક પળ આપણા માટે પૂર્તિ છે. આખું છાપુ ન વાંચીએ પણ પૂર્તિ વાંચી લઈએ. આ પળ ભૂતનાથને ભજવાની છે આ વિશિષ્ટ પૂર્તિ છે, પળને ગુમાવવાની નથી. જેમ વ્યાપાર પૂર્તિ, ધર્મ પૂર્તિ, એમ આપણા માટે આ વિશિષ્ટ પૂર્તિ છે. બીજા સમાચાર-બધી જ ઋતુમાં આપણે જીવી શકીએ છીએ. ઋતુઓના ફેરફારને જીરવી શકે છીએ. ત્રીજા સમાચાર-આપણે આપણા હાથથી બાળકોને તેડી શકીએ છીએ, જેવી પણ આંખો મળી છે, ભૂરા આકાશને જોઈ શકીએ છીએ આ સરસ સમાચાર છે. ગંધ-સુગંધનો ભેદ, કાન ટહુકા સાંભળી શકે. પવિત્ર સ્પર્શ, હાથ-પગ સારામાં સારું કાર્ય કરી શકે. આ અજાયબીઓ આપણા માટે વિશિષ્ટ છે. પાંચમા સારા સમાચાર-ગમે એટલા વ્યસ્ત હોવા છતાં ગ્રંથપાન કરી શકીએ છીએ તેનો પાઠ કરી શકીએ છીએ. છઠ્ઠા સમાચાર-આપણે રામકથામાં જઈ શકીએ છીએ એનું ગાન કરી શકીએ છીએ એ સાતમા સમાચાર છે અને આઠમા સમાચાર છે-ભૂતનાથના શરણમાં છીએ. આ સાતે વાર સિવાયનો વાર મુક્ત આઠમો વાર એના સારા સમાચાર તરીકે ગણવા.

# આહવા ડેપો મેનેજર દ્વારા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સ્વચ્છતા હી સેવા અને સુંદર મારું ગામ અને નગરનું છેદ ઉડાડતા હોય એવું લાગી રહ્યું છે કે ?



આહવા ડેપોમાં ગુજરાતના નાયબ દંડક વિજયભાઈ પટેલ દ્વારા સ્વચ્છતા અભિયાન કરવામાં આવ્યું તારીખ ૧૫/૧૦/૨૦૨૩ રાજય કક્ષા દ્વારા નક્કી કરેલી વિવિધ પ્રવૃત્તિઓના ભાગ રૂપે આહવા બસ સ્ટેન્ડ પર સફાઈ તો કરવામાં આવી હતી પરંતુ ત્યારબાદ આજની તારીખે ૩૧/૧૦/૨૦૨૩ ના રોજ ગંદકી જોવા મળી છે ડેપો મેનેજર દ્વારા સફાઈ અભિયાન નો છેદ ઉડાડવામાં આવ્યો છે એ આ જોવા મળતી ગંદકી દેખાય આવી રહી છે. ગ્રામજનોએ પણ ઉત્સાહ પૂર્વક જોડાયા હતા તો ફક્ત ૧૫ દિવસમાં જ કેમ છેદ ઉડાડવામાં આવી રહ્યો છે આ ડેપો મેનેજર દ્વારા સા માટે નરેન્દ્ર મોદી સાહેબ ના સ્વપ્નના ભારત નું છેદ ઉડાડે છે સમજાતું નથી કિશોરસિંહ પરમાર ડેપો મેનેજર દ્વારા એ સમજવું પડશે ખરું ને....?

અને ભારતભરમાં ગત તા.૧૫મી સપ્ટેમ્બર થી તા. ૨જી ઓક્ટોબર એટલે કે ગાંધી જયંતિ 'સુધી સ્વચ્છતા હી સેવા' પખવાડીયાનું આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગાર્બેજ ફ્રિ ઈન્ડિયા નો મંત્ર આપ્યો છે. પણ એ મંત્ર નું આહવા એસ. ટી. ડેપો દ્રારા બેદરકારી દેખાય રહી છે એમાં શંકાનો કોઈ સ્થાન નથી ફોટામાં પસ્ટ દેખાય રહ્યું છે. તો સુ ખાલી નામ પૂરતું સફાઈ કરવામાં આવી હતી..? એતો હવે ડેપો મેનેજર કિશોરસિંહ પરમારજ જાણે..

# છત્રપતિ શિવાજીના વંશજનું વિશ્વ ઉમિયા ધામ.માં.સન્માન...





વાંકાનેર રાજવી સાંસદ કેસરીસિંહજી ઝાલા અને વિશ્વ ઉમિયા ધામ ના ચેરમેન આર.પી.પટેલ,તેમજ ન્યૂઝ ઑફ ગાંધીનગર તંત્રી પ્રદીપ રાવલ...

# લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૮મી જન્મ જયંતી અને પ્રિયદર્શીની ઈન્દિરા ગાંધીની ૩૯મા શહિદ દીન નિમિત્તે રાજીવ ગાંધી ભવન ખાતે મોટી સંખ્યામાં ઉપસ્થિત કાર્યકરો-આગેવાનોએ પુષ્પાંજલી અર્પણ કરીને નમન કર્યા

લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૮મી જન્મ જયંતી અને પ્રિયદર્શીની ઈન્દિરા ગાંધીની ૩૯મા શહિદ દીન નિમિત્તે રાજીવ ગાંધી ભવન ખાતે મોટી સંખ્યામાં ઉપસ્થિત કાર્યકરો-આગેવાનોએ પુષ્પાંજલી અર્પણ કરીને નમન કર્યા હતા અને તેમના કાર્યોને યાદ કર્યા હતા. ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસ દ્વારા રક્તદાન શિબિર યોજાઈ હતી. જેમાં પણ, મોટી સંખ્યામાં કાર્યકરો-આગેવાનો અને ખાસ કરીને મહિલા કોંગ્રેસની બહેનોએ રક્તદાન કરીને સેવા કાર્યમાં જોડાયા હતા.

ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના ઉપનેતાશ્રી શૈલેષ પરમારે જણાવ્યું હતું કે, સમજાવવાનો કે પાછા પાડવાનો પ્રયત્ન કરતા હોય તેવા લોકોએ સમજવાની જરૂર છે કે આ સરદાર સાહેબના પથ ઉપર તેમના વિચારોથી એમના સિધ્ધાંતોને લઈને ચાલવા વાળો કોંગ્રેસનો કાર્યકર છે જે સંઘર્ષ કરીને દેશની એકતા અખંડિતતા માટે કામ કરતો રહેશે. ખુબ અફવાઓ અને ખોટો પ્રચાર કરવામાં આવ્યો. કોંગ્રેસની ગુજરાતની વાત કરીએ કે ગુજરાતની જેટલી જાહેર સંસ્થાઓ છે જેટલા જાહેર કાર્યો છે એ મોટા ભાગની જાહેર સંસ્થાઓ અને કાર્યો સાથે સરદાર સાહેબનું નામ જોડવાનું કામ એક માત્ર કોંગ્રેસ પક્ષે કર્યું છે. સરદાર સરોવર ડેમ હોય, અમદાવાદનું સરદાર પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ હોય કે આપણુ વિધાનસભાનું સચિવાલય, કે પાલડીનું બ્રીજ હોય, અમદાવાદનુ પહેલુ કોર્પોરેશન ભવન, સ્પીપા હોય કે એવા અનેક કાર્યો આપણે ગણાવી શકીએ કે જે કોંગ્રેસના શાસનકાળમાં ખુબ ઉપયોગી કાર્યો-સંસ્થાઓ બની અને તમામે તમામ કાર્યોને સરદાર સાહેબના નામ સાથે જોડી તેમનું



જે વિરાટ નેતૃત્વ હતુ તેને અમર બનાવવાનું કામ પણ કોંગ્રેસ પક્ષે કર્યું છે. કોંગ્રેસ પાર્ટી અને સરદાર સાહેબ એ બન્ને એક પરીવારનો ભાગ છે. એટલે એને કોઈ અલગ કરી ના શકે અને કોઈ ગમે તેટલો પ્રયત્ન કરે ભાજપના નેતાઓ ગમે તેટલા ભાષણો કરે કે ગમે તેટલુ પોતાની જાતને સરદાર સાહેબની સરખામણી કરવાનો પ્રયત્ન કરે પણ સરદાર સાહેબની ક્યારેય સરખામણી હોય જ નહી. સરદાર સાહેબને કોંગ્રેસમાંથી ક્યારેય અલગ પાડી પણ નહી શકે, એ સંદેશ આપણે આજના દિવસે આ ગુજરાતના જન જન સુધી પહોંચાડવાનો છે.સ્વ. ઈન્દિરાજીનું નેતૃત્વ કે જેમણે ખાલી સત્તા માટે નહી પણ પ્રજા માટે શાસન કર્યું. ગરીબી હટાવોની વાત હોય, બેંકોનું રાષ્ટ્રીયકરણ કરવાની વાત હોય કે પાકિસ્તાનના બે ટુકડા કરવાની વાત હોય એમના શાસનકાળમાં જે જે નિર્ણયો થયા, જે જે કાયદા - કાનુન બન્યા એના કારણે આજે પણ દેશ અને વિશ્વ એમને યાદ કરે છે. એટલુ જ નહી પણ આજના સમયના પરિપેક્ષમાં જોઈએ જેમ ઈન્દિરાજીએ રજવાડાઓના સાલીયાણાઓ બંધ કર્યા અને એ જે રકમો હતી તે સરકારી ખજાનામાં ગરીબો માટે ખુલ્લો મુક્યો. આજે ભાજપની સરકાર પાછા રજવાડાઓ ઉભા કરવા જઈ રહ્યાં છે. આજે રજવાડાઓ ન રહ્યા પણ અદાણી અને અંબાનીના નામે રજવાડાઓ ઉભા થઈ રહ્યાં છે. કોંગ્રેસના શાસનમાં અમીરો પાસેથી પૈસા લઈ ગરીબો સુધી પહોંચાડ્યા અને આજે ભાજપનું શાસન છે કે ગરીબો પાસેથી પૈસા લઈ અમીરોને પહોંચાડવાનું કામ કરે છે. શાસન વચ્ચેનું ફરક પણ આપણે લોકો વચ્ચે લઈ જવુ પડશે. લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ અને પ્રિયદર્શની ઈન્દિરા ગાંધીની શહિદદીન નિમિત્તે યોજાયેલ કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશ કાર્યકારી પ્રમુખશ્રી હિંમતસિંહ પટેલ, ધારાસભ્યશ્રી ઈમરાન ખેડાવાલા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખશ્રી પંકજ શાહ, મહામંત્રીશ્રી બળદેવભાઈ લુણી, શ્રી રાજુભાઈ બ્રહ્મભટ્ટ, ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસના પ્રમુખશ્રી જેનીબેન ઠુમ્મર, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશી, શ્રી ખુરશીદ સૈયદ, શ્રી અશોક પંજાબી, શ્રી સી.એમ. રાજપુત, શ્રી યોગેશ મૈત્રક, શ્રી નિકુંજ બલર, શ્રી પંકજ ચાંપાનેરી, અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન કોંગ્રેસ પક્ષના નેતાશ્રી શેહઝાદખાન પઠાણ, કોર્પોરેટરશ્રી હાજીભાઈ મિરઝા, શ્રી ઈમ્તિયાઝ શેખ, સેવાદળના પ્રદેશ અધ્યક્ષશ્રી વિજયભાઈ પટેલ, શ્રી કિરણભાઈ પ્રજાપતિ, શહેર મહિલા પ્રમુખશ્રી કામિનીબેન સોની, શહેર સેવાદળના શ્રી વિરમ દેસાઈ સહિત મોટી સંખ્યામાં કાર્યકરો-આગેવાનો ઉપસ્થિત રહી પુષ્પાંજલી અર્પણ કરીને બન્ને મહાનુભાવના રાષ્ટ્રિય યોગદાનને યાદ કર્યુ હતુ.

# આજે ૫.૨૫ કરોડ ગુજરાતીઓ મોબાઈલના બઁધાણી બની ચુક્યા છે.

૨૯ ઓક્ટોબર ૧૯૬૯ ના દિવસે સૌ પ્રથમવાર ઈન્ટરનેટનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.ટેલિકોમ રેગ્યુલેટરીં ઓથોરિટી ઓફ ઈન્ડિયા ટ્રાઈના રિપોર્ટ મુજબ ગુજરાતમા માર્ચ ૨૦૨૩ સુધીમાં ૫.૨૫ ઈન્ટરનેટ યુઝર નોંધાયા બજાર છે.જે ૨૦૧૩ માં ૧.૮૦ કરોડ હતા.રાજયમાં ૩.૫૫ કરોડ શહેરી અને ૧.૭૦.કરોડ ગ્રામીણ લોકો ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે.

ભારતમાં ઈન્ટરનેટ શરૂ થયાને ૨૮ વરસ બાદ ૮૮ કરોડ લોકો ઈન્ટરનેટનો ઉપયોગ કરી રહ્યા છે ઉત્તરપ્રદેશમા સૌથી વધુ ૧૦.૯૭ કરોડ લોકો ઈન્ટરનેટ વાપરે છે.આપણું ગુજરાત છઠ્ઠા નંબરે છે.

દેશમાં દર ૧૦૦ માંથી ૬૪ લોકો જયારે ગુજરાતમા દર ૧૦૦ માંથી ૭૩ લોકો ઈન્ટરનેટ વાપરે છે.

ટ્રાઈના રિપોર્ટ મુજબ ગુજરાતમા એક મોબાઈલ યુઝર મહિનાના સરેરાશ ૧૫૧ રૂપિયા ખર્ચ કરે છે જયારે દર મહિને ૭૬૯ મિનિટ મોબાઈલ પર વાત કરે છે



લોકો જયારે ગુજરાતમા ૬.૬૪ થયા બાદ જુલાઈ ૨૦૨૩ સુધીમાં ગુજરાતમા ૫.૮૮ કરોડ લોકોએ નંબર પોર્ટબીલીટીનો ઉપયોગ કર્યો છે.જયારે ભારતમાં ૮૬.૪૭ કરોડ લોકોએ પોર્ટબીલીટીનો ઉપયોગ કર્યો છે.છેલ્લા ૧૦ વરસમાં ઈન્ટરનેટ યુઝર્સમા ૨૦૦ ટકાનો વધારો થયો છે.

ગુજરાતમા રિલાયન્સ જીઓના ૨.૮૦ કરોડ એરટેલના ૧.૧૪ કરોડ વોડાફોન આઈડિયાના ૨.૧૭ કરોડ અને બી એસ એન એલના ૪૯ લાખ યુઝર્સ નોંધાયા છે.આજે ૫

રાજ્યમાં ૯૩ટકા યુઝર પ્રિ પેઈડ સેવાનો ઉપયોગ કરે છે.

ભારતમાં ૧૧૪.૬૨ કરોડ કરોડ લોકો મોબાઈલનો ઉપયોગ કરે છે૨૦૧૧ મા મોબાઈલ નંબર પોર્ટબીલીટીની શરૂઆત ૨૫ કરોડ ગુજરાતીઓ મોબાઈલના બંધાણી બની ચુક્યા છે.

અબ્બાસભાઈ કૌકાવાલા,સુરત



દાંતીવાડા તાલુકા ની પાંથાવાડા માર્કેટયાર્ડે મગફળી ની રેકોર્ડ બ્રેક આવક થઈ ઉભરાય.!!! ગુજરાત અને રાજસ્થાન સરહદ ને સ્પર્શી ને આવેલી પાંથાવાડા માર્કેટયાર્ડે મગફળી ની રેકોર્ડ બ્રેક આવક થી ઉભરાય છે માર્કેટયાર્ડે ના સેક્રેટરી હરીભાઈ પટેલ ના જણાવ્યા મુજબ માર્કેટયાર્ડે મા રાજસ્થાન ના જાલોર બાડમેર શિરોહી જીલ્લા ના તેમજ ગુજરાત બોર્ડેર ના ગામોમાં સારો વરસાદ પડતા આવર્ષે ખેડૂતો એ મગફળી નુ મોટા પ્રમાણમાં વાવેતર કરેલ જેના કારણે માર્કેટયા

ર્ડે મા રોજ ની ૫૦૦૦૦ કરતાં વધારે મગફળી ની બોરી ઓ ની આવક થઈ રહી છે હાલમાં તા. ૩૦ ઓકટો . ના માર્કેટયાર્ડે મા રેકોર્ડ બ્રેક ૯૦૦૦૦ બોરી ની આવક થવા પામી હતી પાંથાવાડા માર્કેટયાર્ડે મા આવતી મગફળી સારી ગુણવત્તા વાળી હોવાથી તેની દેશ વિદેશ મા પણ સારી માગ છે જેના કારણે ખેડૂતો ને મગફળી ના સારા ભાવ પણ મળી રહે છે .. સુરેશ રાવલ બનાસકાંઠા

# પચીસ મેટ્રો સ્ટેશન ખાતે સેનિટરી પેડ વેન્ડિંગ મશીન બેસાડાયા



ઈનર વ્હીલ ક્લબ ઓફ બોરીવલી દ્વારા વીગાર્ડ સીએસઆર ઈનિશિયેટિવ હેઠળ મુંબઈના ટુ એ અને સેવન લાઈન પરનાદસ મેટ્રો સ્ટેશન - એકસર, દહાણુકરવાડી, કંદરપાડા, આનંદનગર, રાષ્ટ્રીય ઉદ્યાન, પોઈસર, કુરાર, દિંડોશી, ગોરેગામ પૂર્વ, મોગરા સ્ટેશન ખાતે સેનિટરી પેડ વેન્ડિંગ મશીન બેસાડાયા હતા. અગાઉ બોરીવલી વેસ્ટ, મંડપેશ્વર, લોઅર મલાડ, મલાડ, ઓવરીપાડા, દેવીપાડા, માગાથાણે, આરે, જોગેશ્વરી પૂર્વ, ઓશિવરા ખાતે સેનિટરી પેડ વેન્ડિંગ મશીન બેસાડાયા હતા. અત્યાર સુધીમાં પચીસ મેટ્રો સ્ટેશન ખાતે આવા મશીન બેસાડયા છે. આ પ્રસંગે સેન્ચુરિયન પ્રેસિડન્ડ ભાવના કાપડિયા, વીગાર્ડના એચ આર નેહાબહેન, ઈનર વ્હીલ ક્લબ ઓફ બોરીવલી ભૂતપૂર્વ પ્રમુખો અને હાલના હોદ્દેદારો, સભ્યો, રોટેરિયન્સ,એમએમએમઓસીએના અધિકારીઓ વગેરે હાજર રહ્યા હતા. બાકીના સ્ટેશને પણ આવા મશીન બેસાડવામાં આવશે.

# ડાંગના મુરલી ગાવિતે સિલ્વર મેડલ જીતીને ગુજરાતનું નામ રોશન કયરુ

ડાંગ જિલ્લા એક્ષપ્રેસ તરીખે ઓળખાતો મુરલી ગાવિતે ગોવા ખાતે યોજાયેલ ૩૭મા નેશનલ ગેમ્સમા સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો.

પ્રાપ્ત વિગત અનુસાર દેશના વડાપ્રધાન શ્રીનરેન્દ્રભાઈ મોદીના હસ્તે ગોવા ખાતે ૨૬ઓક્ટોબરના રોજ નેશનલ ગેમ્સનો પ્રારંભ કરવામા આવ્યો હતો. આ ગેમ્સમા જુદી જુદી રમતો યોજવામા આવી હતી. જેમા ૫૦૦૦ મીટર એથ્લેટિક્સ ગેમ્સમા ગુજરા રાજ્યના ડાંગ જિલ્લાના ખેલાડી મુરલી ગાવિતે ૧૪મિનિટ ૧૩ સેકન્ડમા ૫૦૦૦ મીટર દોડ પુર્ણ કરી સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો છે. મુરલી ગાવિતે નેશનલ ગેમ્સમા સિલ્વર મેડલ જીતી ડાંગ જિલ્લા સહીત રાજ્યનુ નામ રોશન કર્યુ છે. જેને પગલે રાજ્યભરમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. નેશનલ ગેમ્સમા એથ્લેટિક્સ ગેમ્સમા ૫૦૦૦ મીટર દોડ ૧૪ મિનિટ ૧૩ સેકન્ડમા પુર્ણ કરનાર મુરલિ ગાવિત ગુજરાતનો પ્રથમ ખેલાડી બન્યો છે. ઓલ્મપિક ગેમ્સની તૈયારી કરનાર મુરલી ગાવિત આ પહેલા નેશનલ ગેમ્સ તેમજ આંતરરાષ્ટ્રિય કક્ષાએ કેટલાય મેડલ પ્રાપ્ત કરી ચુક્યો છે. ગત દિવસોમા બેંગ્લોર ખાતે નેશનલ ઓપન એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ





૨૦૨૩ યોજાઈ હતી. જેમા ૧૩ ઓક્ટોબર રોજ નેશનલ ચેમ્પિયનશિપમા ગુજરાતના દોડવીર મુરલી ગાવિતે ૫૦૦૦ મીટર દોડમા પ્રથમ ક્રમાંકે આવી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો હતો. ઉલ્લેખનીય છે કે ગત વર્ષે ૨૦૨૨મા યોજાયેલ ઓપન એથ્લેટિક્મીટ ૧૦૦૦ મીટર દોડમા પણ ગુજરાતના ડાંગ એક્સપ્રેસ તરીકે ઓળખીતા ખેલાડી મુરલી ગાવિતે ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો હતો. ગુજરાતના ખેલ મહાકુંભ થી પોતાની કારકિર્દીની શરૂઆત કરનાર ડાંગ એક્સપ્રેસ મુરલી ગાવિત છેલ્લા કેટલાય વર્ષોથી, રાજ્ય સહિત દેશ વિદેશની ધરતી ઉપર પોતાનુંશાનદાર પ્રદર્શન કરી ચુક્યો છે. હાલમાં પણ મુરલી ગાવિત દરેક રમતોમાં ભાગ લઈ પોતાની કારકિર્દીને ઊંચે લઈ જઈ રહ્યો છે. મુરલી ગાવિતનુ સ્વપ્ન ઓલમ્પિક રમતોમા ભાગ લઈ દેશને ગોલ્ડ અપાવવાનો ત્યારે મુરલી ગાવિત હમેંશા આગળ વધી ગામ, રાજ્ય અને દેશનું નામ રોશન કરે તે માટે સૌ ડાંગ વાસીઓ અભિનંદન પાઢવી રહ્યા છે. નેશનલ ગેમ્સમા મુરલી ગાવિતને પ્રોત્સાહિત કરનાર કોચ ગુજરાતના કોચ મોહન મોર્યા, તેમજ સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, શક્તિદૂતનો મુરલી ગાવિતે આભાર વ્યક્ત કર્યો હતો.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.